सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૯–૦૬–૨૦૨૪ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૯–૦૬–૨૦૨૪ |
| ફેંસલ તારીખ | ૦૮–૦૬–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૧ ૧૧ ૨૦ |

**મે. રાણાવાવ ના પ્રિન્સીપાલ સીવીલ જજ એન.એલ.શર્મા સાહેબની અદાલત,**
**મુ. રાણાવાવ.**

**રેગ્યુ. દિ. મુ. નં. ૨૭/૨૦૨૪**
**આંક–૩૬.**

**રામભાઈ ભુરાભાઈ કારાવદરા**
ઉ.વ.૬૫, ધંધો: નિવૃતી
રહે.વાગડીયાવાસ,
રાણાવાવ,જી.પોરબંદર. .................... **વાદી.**

**વિ રૂ દ્ધ**

**(૧) અનિતાબેન ડો.ઓ. મેરૂભાઈ દિવરાણીયા**
**ઉ.વ.૪૦, ધંધો–ઘરકામ**
**(૨) ધ્રુવ ભરતભાઈ ખુંટી**
**ઉ.વ.૨૧, ધંધો–મજુરીકામ**
**રહે.બંને:–** ઝાંઝરડા રોડ, પાવન એપાર્ટમેન્ટ,
ગ્રાઉન્ડ ફલોર, સાંઈબાબા વાળી ગલી,
કાઝી હોસ્પિટલ પાછળ, જુનાગઢ. ................**પ્રતિવાદીઓ**

**દાવો : રૂા.૧,૫૦,૦૦૦/– પુરા ચડતા વ્યાજે વસુલ મેળવવા અંગેનો**

.............................................................................................................

વાદીપક્ષ.........તરફે : વિ.વકીલ શ્રી એચ. પી. ટેવાણી.
પ્રતિવાદીપક્ષ...... તરફે : વિ.વકીલ શ્રી પી. એમ. રાઠોડ.

.............................................................................................................

**॥ <u>ઠ રા વ</u> ॥**

**(૧). વાદી ની દાવા અરજી ની હકીકત :–** આ કામનાં પ્રતિવાદી નં.૧ સાથે વાદીને એકાદ વર્ષ અગાઉ ઈન્સ્ટ્રાગામ મારફત ઓળખાણ થતા અને વાતચીત નો વ્યવહાર થતા આ કામનાં પ્રતિવાદી નં.૧નાંએ વાદીને જણાવેલ કે, પાવન એપાર્ટમેન્ટમાં કાઝી હોસ્પિટલની પાછળ જુનાગઢમાં એક મકાન સસ્તા ભાવમાં વેંચાણ થાય તેમ છે, જો તમારે લેવુ હોય તો કેજો. એવી વાત કરતા વાદીએ આ કામનાં પ્રતિવાદી નં.૧ ના વિશ્વાસમાં આવી અવાર–નવાર તેઓના જણાવ્યા મુજબ નાંણા આશરે રૂા.૧,૫૦,૦૦૦/– કટકે–કટકે ગુગલ પે મારફત પ્રતિવાદી ઓના ખાતામાં ટ્રાન્સફર કરેલા હતા. વાદી તરફથી રકમ ચુકવ્યા બાદ પ્રતિવાદી ઓને મકાન અંગેનું દસ્તાવેજ કરાવી આપવાનું જણાવતા પ્રતિવાદીઓ એકસંપ કરી યેનકેન પ્રકારે મકાનનું દસ્તાવેજ કરાવી આપતા ન હોય વારંવાર વાદી જાતે તથા સંબંધીઓ મારફત મકાનનું દસ્તાવેજ કરાવી આપવાનુ જણાવતા અન્યથા વાદીએ ચુકવેલ રકમ પરત માંગતા પ્રતિવાદીઓનો ઈરાદો વાદી સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરી વાદીની અણસમજનો અને અજ્ઞાનતાનો ગેરલાભ લઈ પ્રથમથીજ છેતરપીંડી કરી વાદીની લેણી રકમ રૂા.૧,૫૦,૦૦૦/– પુરા ઓળવી ગયેલ છે. જેથી વાદી દ્વારા નાછુટકે પોતાની રકમ પરત મેળવવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરનાંઓને આ બાબતે લેખિત અરજ–અહેવાલ કરતા રાણાવાવ પોલીસ સ્ટેશનમાં અરજી નં.૩૦/૨૦૨૪, તા.૨૧/૦૩/૨૦૨૪ નાં રોજ નોંધ કરી તપાસ કરાવતા આ કામનાં પ્રતિવાદીઓને બોલાવી નિવેદનો નોંધવામાં આવતા, રાણાવાવ પોલીસ તરફથી પક્ષકારો વચ્ચે નાણાંકીય વ્યવહાર અંગેની તકરાર હોય જે સિવીલ પ્રકારની હોય, તેથી નામદાર સિવીલ કોર્ટમાંથી દાદ મેળવવા સમજ કરતા વાદીને હાલનો દાવો દાખલ કરવા ફરજ પડેલ છે.

**(૧.૨).** સબબ હાલનો દાવો લાવી દાદ માંગેલ છે કે, <u>(૧)</u> આ કામનાં પ્રતિવાદી

ઓએ એકસંપ કરી તદ્દન ખોટી અને ઉપજાવી કાઢેલી હકીકતોથી વાદી પાસેથી રૂા.૧,૫૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર પુરા પડાવી લીધેલ હોય જે પરત ચુકવવાની પ્રતિવાદીઓની ફરજ અને જવાબદારી છે, તેવુ ઠરાવી પ્રતિવાદીઓની હરેક પ્રકારની સ્થાવર–જંગમ મિલકતથી રૂા.૧,૫૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પચ્ચાસ હજાર પુરા વાદી વસુલ મેળવવા હકકદાર હોવાનું ઠરાવી તે મુજબ પ્રતિવાદીઓ વિરૂધ્ધ હુકમનામુ કરી આપવા નમ્ર અરજ છે. (૨) તેમજ પ્રતિવાદીઓ દ્ધારા ફ્રોડ અને છેતરપીંડી તથા વિશ્વાસઘાત કરી રૂા.૧,૫૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પચ્ચાસ હજાર પુરા પડાવી લીધેલ હોય તેથી દાવાની તારીખથી રકમ વસુલ ન થાય ત્યાં સુધી સેન્કડે **૧૮%** લેખે વ્યાજ અપાવવા નમ્ર અરજ છે. (૩) કાયદા તથા હકીકતે દાવાને મળી શકતી અન્ય તમામ દાદ અથવા હુકમો અપાવવા નમ્ર અરજ છે.(૪) દાવાનું સઘળુ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી વસલુ અપાવવા નમ્ર અરજ છે.

**(૨). પ્રતિવાદી તરફે જવાબ :– દિવાની કાર્યરીતી સંહિતા,૧૯૦૮ના ઓર્ડર ૦૫ રૂલ ૦૫** અન્વયે દાવાનો સમંસ પ્રતિવાદીઓ ને ધોરણસર બજી જતા તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ **આંક–૧૩** થી જવાબ રજુ કરી જણાવેલ છે કે, વાદી દ્ધારા સ્પેશીફીક રીલીફ એકટની કલમ–૩૪ હેઠળ લાવેલ છે ત્યારે સદર કલમ જોવામાં આવે તો, ''કોઈ કાનુની હેસીયત માટે અથવા કોઈ મિલકત અંગેનો કોઈ હકક માટે હકકદાર વ્યકિત એવી હેસીયત અથવા હકક અંગે પોતે હકકદાર હોવાનો ઈન્કાર કરતી અથવા ઈન્કાર કરવામાં હિત ધરાવતી વ્યકિત સામે દાવો માંડી શકશે'' જયારે આ કામે વાદીનો હાલનો દાવો કોઈ કાનુની હેસીયત માટે કે મિલકત અંગેનો કોઈ હકક માટેનો હોવાનું વાદીના દાવાના સમગ્ર પ્લીડીંગ્સ આધારે ફલિત થતુ નથી ત્યારે વાદીનો દાવો સ્પેસીફીક રીલીફ એકટની કલમ–

૩૪ ના વ્યાપમાં આવતો નથી. વાદીને પ્રતિવાદી નં.૧ સાથે ઈન્સ્ટાગ્રામ મારફતે ઓળખાણ થયેલ હોવાની હકીકત ખરી છે અને પ્રતિવાદી નં.૧ સાથે ઓળખાણ થયા બાદ વાદીએ વાતો–વાતોમાં પ્રતિવાદી નં.૧ સીંગલ મધર હોવાની અને સંતાન પુત્ર પ્રતિવાદી નં.૨ હોવાની અને પતિથી છુટાછેડા થયેલ હોવાની હકીકત જાણેલ અને ત્યારે વાદી પોતે **હ્યુમન રાઈટ ફાઉન્ડેશન** નામનો **એન.જી.ઓ.** ચલાવતા હોવાની અને પોતે પણ સીંગલ હોવાની અને પ્રતિવાદી નં.૧ સીંગલ મધર તરીકે સમાજમાં સંઘર્ષનો સામની કરીને પુત્રનું ઉજવળ ભવિષ્ય બનાવવા પ્રયત્નશીલ હોય પુત્રના અભ્યાસમાં હ્યુમન રાઈટ ફાઉન્ડેકશનના પ્રમુખ તરીકે કોઈ પણ જાતની આશા વગર મદદ કરશે તેવી લાગણી બતાવીને નજીક આવી શોષણ કરવાનો બદહેતુ પુરો કરવાના મલિન ઈરાદાથી વાતચીતનો સીલસીલો ચાલુ રાખેલ અને તેના ભાગરૂપે પ્રતિવાદીઓને નાની–નાની રકમોની મદદ મોકલવામાં આવેલ.

**(૨.૧).**ખરી હકીકતે, પ્રતિવાદી નં.૧ ના મકાનની કોઈ દલાલી કરતા નથી અને પ્રતિવાદી નં.૧ જયાં રહે છે તે એપાર્ટમેન્ટમાં કોઈ સસ્તામાં મકાન વેંચાણ થાય તેમ હોવાની અને પ્રતિવાદી નં.૧ ને જ જયારે કોઈ જાણ ન હોય ત્યારે વાદીને સસ્તા ભાવમાં મકાન વેંચાણ થાય તેમ હોવાનું વાદીને કહેવાનો કોઈ સવાલ રહેતો નથી. આમ, છતાં વાદીને દાવામાં જણાવેલ હકીકત WITHOUT PREJUDICE માની લેવામાં આવે તો પણ કોઈ પણ મકાન લેવાનું નકકી કરવામાં આવે ત્યારે મકાનનો એરીયા, મકાનનું ક્ષેત્રફળ, મકાનમાં હાજર સ્થિતી નું બાંધકામ, મકાનમાં શું સગવડતા, કુલ રકમ શું થશે તે પેટે કેટલી રકમ બાથા સુથીની આપવાની થશે વિગેરે આવી પ્રાથમિક હકીકતોની કોઈ ખરાઈ કર્યા વગર સોદા પેટે **માર્ક–૪/૧** ના કાગળમાં લખેલા સ્ટેટમેન્ટ સ્વરૂપના લખાણ મુજબ **ગુગલ પે** કે

જેમાં **માત્ર રૂા.૧૦૦/–** ના પણ ઘણા પેમેન્ટ કરેલ હોવાનું સ્પષ્ટ છે તેવી રકમો **તા.૧૬/૦૯/૨૦૨૩ થી તા.૨૭/૦૨/૨૦૨૪** નાં પાંચ માસ ના ગાળામાં કહેવાતા ફલેટ સંબંધે કોઈ લખાણ વગર લગભગ રોજ કે ૨–૩ દિવસ ના ગાળામાં નાની રકમ સોદા પેટે માલિકને નહીં પરંતુ પ્રતિવાદીઓને ચુકવે તે હકીકત સામાન્ય માણસને ગળે ઉતરે તેવી નથી.વધુમાં, વાદીએ ટ્રાન્સફર કરેલ રકમનો સરવાળો કરવામાં આવે તો પણ વાદીએ મદદના નામે પ્રતિવાદી નં.૧ ના ખાતામાં ટ્રાન્સફર કરેલ રકમ કુલ રૂા.૧,૩૧,૨૭૫/– તથા પ્રતિવાદી નં.૨ ના ખાતામાં ટ્રાન્સફર કરેલી રકમ રૂા.૧૯,૨૦૦/– મળી કુલ રૂા.૧,૫૦,૪૭૫/– ટ્રાન્સફર કરેલી હોવા છતાં ટ્રાન્સફર કરેલી રકમ કરતા રૂા.૪૭૫/– ની રકમ શાં માટે વાદી જતી કરીને રૂા.૧,૫૦,૦૦૦/– નો દાવો લાવેલ છે તેની દાવામાં કોઈ સ્પષ્ટતા કર્યા વગર હાલનો દાવો લાવેલ છે. વાદી, પ્રતિવાદી નં.૧ ને ઘરમાં બેસાડવા માંગતા હોય અને પ્રતિવાદી નં.૧ નાંએ વાદીના ઘરમાં બેસવાનો ઈન્કાર કરતા વાદી બદ–ઈરાદામાં સફળ ન થતા અને આ હકીકત પ્રતિવાદી નં.૧ નાંએ તેમના પોલીસ રૂબરૂનાં નિવેદનમાં પણ લખાવેલ હોય અને વાદીએ પ્રતિવાદીઓને મકાન માટે કોઈ રકમ આપેલ હોવાનું સ્વીકારેલ ન હોય, આમ વાદીએ હ્યુમન રાઈટ ફાઉન્ડેશનના પ્રમુખ તરીકે મદદ કરવાના બહાના હેઠળ વાદીએ પ્રતિવાદીઓને રકમ ટ્રાન્સફર કરેલ હોવાનું સ્પષ્ટ થતુ હોય અને તે રકમ સંબંધે હાલનાં સ્વરૂપનો તદ્દન ખોટો દાવો લાવેલ છે. વધુમાં, વાદીએ પોતાનું પોલીસ રૂબરૂ આપેલ તા.૨૨/૦૩/૨૦૨૪ નાં નિવેદનમાં પ્રતિવાદી નં.૧ ના વાદી સામે કોઈ ફરીયાદ ન કરીએ તેના પ્રોટેકશન માટે અરજી આપેલ હોવાની હકીકત સ્વીકારેલી છે અને પોલીસ રૂબરૂના નિવેદનમાં પ્રતિવાદીઓએ વાદી સાથે કોઈ છેતરપીંડી કે વિશ્વાસઘાત કરેલ હોવાની હકીકત જાહેર કરેલી કે જણાવેલી નથી. વાદીએ પ્રતિવાદીના જુનાગઢ મુકામેના એકાઉન્ટમાં હ્યુમન રાઈટ

ફાઉન્ડેશનના પ્રમુખ તરીકે મદદના નામે રકમ જમા કરાવેલ હોય તથા પ્રતિવાદી નં.૧ ના વાદીના ઘરમાં બેસવા તૈયાર ન થતા વાદી અલગ–અલગ મોબાઈલ નંબર પરથી પ્રતિવાદી નં.૧ નો સંપર્ક કરતા હોય, જેથી પ્રતિવાદી નં.૧ નાંઓએ વાદીનો મોબાઈલ નંબર ફોનમાં બ્લોક રતા વાદીએ પ્રતિવાદી નં.૨ ના મોબાઈલમાં અવાર–નવાર ફોન કરતા હોય, જેથી પ્રતિવાદી નં.૨ નાંએ કંટાળી ને વોટસએપમાં વાદીને મોબાઈલ ફોન બંબ કરવાના ઈરાદાથી ખીજ ઉતારેલ હોય, આમ વાદીને દાવાનું કોઈ જ દેખિતુ કારણ રાણાવાવ મુકામે ઉભુ થયેલ ન હોય, વાદીનો હાલનો દાવો દાખલ લેવા, સંભાળવા કે તેનો ન્યાયીક નિકાલ લાવવા સતા–અધિકાર હોવાનુ પ્રતિવાદીઓ સ્પષ્ટપણે ઈન્કાર કરે છે. પ્રતિવાદીઓના કોઈ પણ જાતના કારણ વગર વાદીએ હાલના કાયદાના પ્રબંધો બહારના દાવામાં પ્રતિવાદીઓ તરીકે સામેલ કરીને ખોટી રીતે ખર્ચના ખાડામાં ઉતારેલ હોય, વાદી પાસેથી સી.પી.સી.ની કલમ–૩૫(એ) હેઠળ પ્રતિવાદીઓ ને દાખલારૂપ ખર્ચ અપાવતો ઘટીત ન્યાયીક હુકમ કરવા નમ્ર અરજ કરેલ છે.

**(૩). પુરાવો :**– વાદી તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**:: વાદી તરફે મૌખિક પુરાવો ::**

| | | |
|---|---|---|
| ૧. | આંક–૧૫ | વાદી રામભાઈ ભુરાભાઈ કારાવદરાનું સરતપાસ નું સોગંદનામુ |

**:: વાદી તરફે દસ્તાવેજી પુરાવો ::**

| અનુ.નં | આંક | દસ્તાવેજ નુ વર્ણન |
|---|---|---|
| ૧. | ૧૭ | વાદીએ પ્રતિવાદી નં.૧ને ચુકવેલ રકમનું ટ્રાન્જેકશન લીસ્ટ |
| ૨. | ૧૮ | વાદીએ પ્રતિવાદી નં.૨ને ચુકવેલ રકમનું |

| | | |
|---|---|---|
| | | ટ્રાન્જેકશન લીસ્ટ |
| ૩. | ૧૯ | વાદીની અરજી અન્વયે રાણાવાવ પોલીસ સ્ટેશન તરફથી કરેલ રીપોર્ટ |
| ૪. | ૨૦ | રાણાવાવ પો.સ્ટે.માં વાદીનો લીધેલ જવાબ |
| ૫. | ૨૧ | રાણાવાવ પો.સ્ટે. તરફથી પ્રતિવાદી નં.૧નો લીધેલ જવાબ, તા.૧૨/૦૩/૨૦૨૪ |
| ૬. | ૨૨ | રાણાવાવ પો.સ્ટે. તરફથી પ્રતિવાદી નં.૧ નો લીધેલ જવાબ, ૦૪/૦૪/૨૦૨૪ |
| ૭. | ૨૩ | પ્રતિવાદી નં.૧ વિરૂધ્ધ કરવામાં આવેલ ચેપ્ટર કેસ નં.૧૫૪/૨૦૨૪ ની નકલ |
| ૮. | ૨૪ | પ્રતિવાદી નં.ર વિરૂધ્ધ કરવામાં આવેલ ચેપ્ટર કેસ નં.૧૫૫/૨૦૨૪ ની નકલ |

વાદી તરફે **આંક–૨૬** થી વધુ પુરાવો આપવો નથી તે અંગેની પુરાવા બંધ ની પુરશીશ આપેલ છે.

**(૪.૧).** આ કામે પ્રતિવાદી તરફે નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

**:: <u>પ્રતિવાદી તરફે મૌખિક પુરાવો</u> ::**

| | | |
|---|---|---|
| ૧. | આંક–૩૦ | પ્રતિવાદી નં.૧ અનિતાબેન ડો.ઓ.મેરૂભાઈ દિવરાણીયા નું સરતપાસનું સોગંદનામુ |

વાદી તરફે **આંક–૩૨** થી વધુ પુરાવો આપવો નથી તે અંગેની પુરાવા બંધ ની પુરશીશ આપેલ છે.

**<u>(૫). દલીલ :</u>**– આ કામે વાદી તરફે તેમના વિ.વ.શ્રીએ **આંક–૩૩** થી લેખિત દલીલ રજુ રાખવામાં આવેલ છે. પ્રતિવાદીઓ **આંક–૩૫** થી લેખિત દલીલ રજુ રાખેલ છે, જે દાવાનો ન્યાનિક નિર્ણય કરતી વખતે ધ્યાને લીધેલ છે.

<u>(૬). મુદદાઓ :</u>– **દિવાની કાર્યરીતી સંહિતા,૧૯૦૮ના ઓર્ડર ૧૪ રૂલ ૦૧ તથા ૦૩** અન્વયે સદર દાવાના કામે મારા પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા પ્લીડીંગ, પક્ષકારોએ સોંગદ ઉપર આપેલ હકીકતો તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાના આધારે ન્યાયિક નિર્ણય અર્થે **આંક–૧૪** થી નીચે મુજબ **મુદદાઓ** ઘડેલા જે તમામ મુદદા નીચે મુજબ છે.

**<u>–:: મુ દ્દા ઓ ::–</u>**

(૧) શું વાદી પુરવાર કરે છે કે,વાદીને ઈન્સ્ટાગ્રામ મારફતે પ્રતિવાદી નં.૧ સાથે ઓળખાણ થયેલી અને પાવન એપાર્ટમેન્ટ, કાઝી હોસ્પિટલ પાછળ, જુનાગઢમાં એક મકાન સસ્તા ભાવે વેંચાણ થાય તેમ છે એમ જણાવી, પ્રતિવાદી નં.૧ નાં વિશ્વાસમાં આવી અવાર–નવાર કટકે કટકે ગુગલ–પે મારફતે રૂા.૧,૫૦,૦૦૦/– પ્રતિવાદીઓના ખાતામાં ટ્રાન્સફર કરાવેલા ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીઓને રકમ ચુકવી આપવા છતાં ચેનકેન પ્રકારે મકાનનો દસ્તાવેજ કરી આપતા ન હોય વાદી સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરી રૂા.૧,૫૦,૦૦૦/– ની રકમ ઓળવી ગયેલ છે ?

(૩) શું પ્રતિવાદીઓ પુરવાર કરે છે કે, પ્રતિવાદી નં.૧ સીંગલ મધર હોય અને વાદી એન.જી.ઓ. ચલાવતા હોય, મદદના આશયે પ્રતિવાદી નં. ૧ નાંએ વાદી સાથે સંપર્ક કરતા વાદીએ પ્રતિવાદી નં.૧ નું શોષણ કરવાના હેતુથી વાતચીત ચાલુ રાખેલ અને નાની–નાની મદદનાં નામે પ્રતિવાદીના નામે રકમ જમા કરાવેલ ?

(૪) શું પ્રતિવાદીઓ પુરવાર કરે છે કે, વાદીએ હ્યુમન રાઈટ ફાઉન્ડેશનના પ્રમુખ તરીકે મદદ કરવાના હેતુથી પ્રતિવાદીઓને રકમ ટ્રાન્સફર કરેલી?

(૫) શું પ્રતિવાદી નં.૧ પુરવાર કરે છે કે, વાદીનો મદદના ઓઠા તળે ઘરમાં બેસાડવાનો બદ–ઈરાદો હતો ?

(૬) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૭) શું હુકમ અને હુકમનામુ ?

**(૭). મુદદાના ના જવાબો :–** ઉપરોકત મુદદાના તારણો નીચે જણાવ્યા છે જેના કારણો ચુકાદામાં સવિસ્તાર જણાવેલા છે જે જવાબો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ :– ''**હકારમાં**''

મુદ્દા નં.૨ :– ''**હકારમાં**''

મુદ્દા નં.૩ :– ''**નકારમાં**''

મુદ્દા નં.૪ :– ''**નકારમાં**''

મુદ્દા નં.૫ :– ''**નકારમાં**''

મુદ્દા નં.૬ :– ''**અંશત: હકારમાં**''

મુદ્દા નં.૭ :– ''**આખરી હુકમ મુજબ.**''

**(૮). પુરાવા ની મુલવણી તથા મુદદાઓ ના તારણો :–** આ કામે સૌપ્રથમ દાવાના કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવા માટે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ તથા ૧૦૨ ની જોગવાઈ ઘ્યાને લેતા, એ હકીકત સ્પષ્ટ થાય છે કે, જે કોઈ પક્ષકાર એમ ઈચ્છતો હોય કે તેણે પ્રતિપાદીત કરેલી હકીકતોની સાબિતીનો અસ્તિત્વ ઉપર આધારીત કોઈ કાયદેસરના હકક અથવા

જવાબદારી વિષે કોઈ ન્યાયાલય ફેંસલો આપે, તો તે હકિકત તેણે સાબીત કરવી પડે કે તે હકિકતો અસ્તિત્વમાં છે અને તેવી હકિકત સાબીત કરવાનો બોજો તે વ્યકિત ઉપર રહે છે. વધુમાં, ઉપરોકત કલમ–૧૦૨ ની જોગવાઈ ઉપરથી એ હકિકત સ્પષ્ટ થાય છે કે, દાવામાંના બેમાંથી કોઈ પક્ષ તરફથી કશો પૂરાવો ન આપવામાં આવે તો જે વ્યકિત નિષ્ફળ જાય તેમ હોય તેના પર દાવા અથવા કાર્યવાહીમાં સાબિતીનો બોજો રહે છે. વધુમાં એ હકિકત પણ સ્પષ્ટ થાય છે કે, બે માંથી કોઈ પક્ષ તરફથી કોઈ પૂરાવો આપવામાં ન આવે તો દાવામાંના બન્ને પક્ષકારો તેમના પ્લીડીંગ્સ મુજબની હકિકત સાબીત કરવામાં નિષ્ફળ ગયેલા છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા **૨૦૦૭ (૩) જી.સી.ડી. ૨૧૬૫, ધાંગધ્રા મ્યુનીસીપાલીટી વિરૂધ્ધ ગણપતભાઈ જેઠાભાઈ મકવાણા**ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ "Pleadings is not evidence." આ કામે સદર હકીકતો, રજુ પુરાવાઓ તથા બંને પક્ષનાં વિ. વકીલશ્રી ની દલીલો લક્ષમાં લેતાં આ કામે હાલનાં દાવાનાં નિર્ણય અર્થે ઉપસ્થિત કારણોની નીચે મુજબ ચર્ચા કરવામાં આવેલી છે.

## : દાવાના નિર્ણય અંગેના કા ર ણો :

**(૯). મુદ્દા નં.૧ તથા ૨ ::–** મુદ્દા નં.૦૧ તથા નં.૦૨ ની ચર્ચા કરીયે તો તેમાં વાદી એ એવુ પુરવાર કરવાનુ છે કે,**(૧)શું વાદી પુરવાર કરે છે કે, વાદી ને ઈન્સ્ટાગ્રામ મારફતે પ્રતિવાદી નં.૧ સાથે ઓળખાણ થયેલી અને પાવન એપાર્ટમેન્ટ, કાઝી હોસ્પિટલ પાછળ, જુનાગઢમાં એક મકાન સસ્તા ભાવે વેંચાણ થાય તેમ છે એમ જણાવી, પ્રતિવાદી નં.૧ નાં વિશ્વાસમાં આવી અવાર–નવાર કટકે કટકે ગુગલ–પે મારફતે રૂા.૧,૫૦,૦૦૦/– પ્રતિવાદીઓના ખાતામાં ટ્રાન્સફર કરાવેલા ? તથા (૨) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીઓને**

**રકમ ચુકવી આપવા છતાં ચેનકેન પ્રકારે મકાનનો દસ્તાવેજ કરી આપતા ન હોય વાદી સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરી રૂા.૧,૫૦,૦૦૦/– ની રકમ ઓળવી ગયેલ છે ?** આમ, આ મુદ્દાઓની રચના અને તેનો પ્રકાર જોતા આ મુદ્દાઓ પુરવાર કરવાનો બોજો વાદીના માથે રહેલો છે. વાદી તરફે રજુ થયેલ પુરાવા ચકાસીયે તો વાદી **રામભાઈ ભુરાભાઈ કારાવદરાએ આંક–૧૫** થી તેમની ઉલટતપાસમાં એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, '' તેઓ હયુમન રાઈટસ ફાઉન્ડેશનના પ્રમુખ તરીકે છેલ્લા ચારેક વર્ષથી સેવા આપે છે. હયુમન રાઈટસ ફાઉન્ડેશનના પ્રમુખ તરીકે તેમને કોઈના સાચા કામમાં મદદ કરવાની હોય છે. પ્રતિવાદી નં.૧ મારફતે તેમને ઈન્સ્ટાગ્રામ મારફતે ઓળખાણ થયેલી અને તે બાદ પ્રતિવાદી નં.૧ સાથે વાતચીતનો સીલસીલો ચાલુ થયેલો.'' જયારે આ કામે પ્રતિવાદી નં.૧ **અનિતાબેન મેરૂભાઈ દિવરાણીયાએ આંક–૩૦** થી સરતપાસનું સોગંદનામુ રજુ રાખેલ છે, જેની વાદી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, રામભાઈ ભુરાભાઈ કારાવદરા સાથે મારે ઈન્સ્ટાગ્રામ મારફત ઓળખાણ થયેલી. રામભાઈ સાથે ઈન્સ્ટાગ્રામ મારફત ઓળખાણ થયેલી અને રામભાઈ હયુમન રાઈટના પ્રમુખ તરીકે છે તેવો કોઈ આધાર આ કામમાં રજુ કરેલ નથી. હયુમન રાઈટ સંસ્થા કોઈને નાણાંકીય વ્યવહાર કરે છે તેવો કોઈ આધાર આ કામે રજુ કરેલ નથી.

**સવાલ:–રામભાઈએ તમને કેટલા પૈસા ગુગલ–પે થી આપેલા?**

**જવાબ:–રામભાઈએ મને રૂપિયા એક લાખ એકત્રીસ હાજર ગુગલ–પે થી આપેલા.**

આમ, આ કામનાં વાદીને પ્રતિવાદી નં.૧ સાથે ઈન્સ્ટાગ્રામ મારફતે ઓળખાણ થયેલી હોવાનું અને તે બાદ વાદીએ પ્રતિવાદી નં.૧ ને ગુગલ પે મારફતે રૂપિયા ટ્રાન્સફર કરેલ હોવાની હકીકત વાદી તરફે પુરવાર કરવામાં આવેલ છે. તેમજ પ્રતિવાદી નં.૧ નાંએ પણ તેમની ઉપરોકત ઉલટતપાસમાં વાદીએ તેમને

ગુગલ–પે થી રૂપિયા આપેલાની હકીકતનો સ્વીકાર કરેલ છે. વધુમાં, આ કામે વાદી તરફે **આંક–૧૭ તથા આંક–૧૮** થી પ્રતિવાદી નં.૧ ને રૂપિયા ગુગલ–પે થી ટ્રાન્સફર કરેલ તેના સ્ક્રિનશોર્ટની નકલ રજુ રાખેલ છે. જે વંચાણે લેતાં વાદીએ પ્રતિવાદી નં.૧ ને કટકે–કટકે રૂપિયા એક લાખ પચાસ હજાર ટ્રાન્સફર કરેલાની હકીકત વાદી તરફે પુરવાર કરવામાં આવેલ છે.

**(૯.૧).** વધુમાં, આ કામે પ્રતિવાદીઓએ વાદીના પૈસા પરત ન કરતા વાદીએ પ્રતિવાદીઓ વિરૂધ્ધ રાણાવાવ પોલીસ સ્ટેશનમાં અરજી કરેલી હતી અને તે અરજી અન્વયે પ્રતિવાદીઓ રાણાવાવ પોલીસ સમક્ષ હાજર થઈ તેમનું નિવેદન આપેલ, જે નિવેદન **આંક–૨૧** થી રજુ છે જેમાં પણ પ્રતિવાદી નં.૧ નાંએ એવી હકીકત લખાવેલ હતી કે, '' આ રામભાઈએ અમોને પૈસાની કરેલી મદદ ના પૈસા અમોએ હાલ વાપરી નાંખેલ છે અને અમારી પાસે હાલ પૈસા ન હોય તેમ છતાં અમારે પૈસાની સગવડ થાશે ત્યારે આ રામભાઈને પૈસા પરત આપી દેશુ'' આમ, પ્રતિવાદીઓએ વાદી સાથે છેંતરપીડી અને વિશ્વાસઘાત કરી પૈસા મેળવેલ હોવાની હકીકત વાદી તરફે રજુ મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ હોય, જેથી મુદ્દા નં.૦૧ તથા નં.૦૨ નો જવાબ આથી **હકારમાં** આપવામાં આવે છે.

**(૧૦). મુદ્દા નં.૦૩, ૦૪ તથા ૦૫ :–** મુદ્દા નં.૦૩ થી ૦૫ થી ચર્ચા કરીએ તો મુદ્દા નં.**(૩)શું પ્રતિવાદીઓ પુરવાર કરે છે કે, પ્રતિવાદી નં.૧ સીંગલ મધર હોય અને વાદી એન.જી.ઓ. ચલાવતા હોય, મદદના આશયે પ્રતિવાદી નં. ૧ નાંએ વાદી સાથે સંપર્ક કરતા વાદીએ પ્રતિવાદી નં.૧ નું શોષણ કરવાના હેતુથી વાતચીત ચાલુ રાખેલ અને નાની–નાની મદદનાં નામે પ્રતિવાદીના નામે રકમ જમા કરાવેલ ? (૪). શું પ્રતિવાદીઓ પુરવાર કરે છે કે, વાદીએ હ્યુમન રાઈટ ફાઉન્ડેશનના પ્રમુખ તરીકે મદદ કરવાના હેતુથી પ્રતિવાદીઓને રકમ ટ્રાન્સફર**

**કરેલી? તથા (પ). શું પ્રતિવાદી નં.૧ પુરવાર કરે છે કે, વાદીનો મદદના ઓઠા તળે ઘરમાં બેસાડવાનો બદ–ઈરાદો હતો ?** આ મુદ્દાઓની રચના અને તેનો પ્રકાર જોતા આ મુદ્દાઓ પુરવાર કરવાનો બોજો પ્રતિવાદીઓ ના માથે રહેલો છે. આ કામે પ્રતિવાદી તરફે રજુ થયેલ પુરાવો જોતાં, આ કામે પ્રતિવાદી નં.૧ **અનિતાબેન મેરૂભાઈ દિવરાણીયાએ આંક–૩૦** થી સરતપાસનું સોગંદનામુ રજુ રાખેલ છે, જેની વાદી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, ''રામભાઈ સાથે ઈન્સ્ટાગ્રામ મારફત ઓળખાણ થયેલી અને રામભાઈ હ્યુમન રાઈટના પ્રમુખ તરીકે છે તેવો કોઈ આધાર આ કામમાં રજુ કરેલ નથી. રામભાઈએ મારા ખાતામાં અને મારા છોકરાના ખાતામાં હ્યુમન રાઈટસના પ્રમુખ તરીકે રકમ જમા કરાવેલ છે અને પરત લેવાના નથી એવો કોઈ લેખિત આધાર આ કામે રજુ કરેલ નથી.

સવાલ:– રામભાઈએ તમારા વિરૂધ્ધ અને તમારા છોકરા વિરૂધ્ધ રાણાવાવ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલી ?

જવાબ:–અરજી કરેલી હતી.

આ અરજીના આધારે મને અને મારા દિકરાને રાણાવાવ પોલીસ સ્ટેશનમાં નિવેદન માટે બોલાવેલા હતા. મને નામદાર કોર્ટના રેકર્ડ માંથી આંક–૨૧ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે મારા પોલીસ સમક્ષના નિવેદન માં એવી હકીકત લખાવેલ છે કે, '' આ રામભાઈએ અમોને પૈસાની કરેલી મદદ ના પૈસા અમોએ હાલ વાપરી નાંખેલ છે અને અમારી પાસે હાલ પૈસા ન હોય તેમ છતાં અમારે પૈસાની સગવડ થાશે ત્યારે આ રામભાઈને પૈસા પરત આપી દેશુ''

આમ, પ્રતિવાદી નં.૧ ની ઉપરોકત ઉલટતપાસની હકીકત ધ્યાને લેતાં તેઓએ વાદી એન.જી.ઓ. ચલાવતા હોય અને વાદીએ હ્યુમન રાઈટ ફાઉન્ડેશન ના પ્રમુખ તરીકે પ્રતિવાદીઓને મદદ કરેલ હોય અને રકમ ટ્રાન્સફર કરેલી હોય

અને વાદી મદદના ઓઠા તળે ઘરમાં બેસાડવાનો બદ–ઈરાદો હતો, તેવી કોઈ પણ હકીકત પ્રતિવાદીઓ તેમના મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરી શકેલ નથી. ઉલ્ટાનું, પ્રતિવાદી નં.૧ નાંએ પોતાની ઉલટતપાસમાં એ હકીકત નો સ્વીકાર કરેલ છે કે, વાદીએ તેમને કટકે–કટકે ગુગલ–પે થી એક લાખ એકત્રીસ હજાર જેવી રકમ આપેલી છે અને વાદીએ આપેલ પૈસા તેઓએ વાપરી નાખેલ છે. જેથી મુદ્દા નં.૦૩ થી નં.૦૫ પ્રતિવાદીઓ તેમના મૌખિક પુરાવાથી પુરવાર કરી શકેલ ન હોય, જેથી ઉપરોકત મુદ્દા **નં.૦૩ થી ૦૫** નો જવાબ આથી **નકારમાં** આપવામાં આવે છે.

**(૧૧). મુદ્દા નં.૦૬ :–** આ કામે બંને પક્ષકારો વચ્ચે લેણી પડતી રકમ અંગે કોઈ પણ જાતનો કરાર કરવામાં આવ્યો ન હોય ત્યારે દિવાની કાર્યરીતી સંહિતાની કલમ–૩૪ માં વ્યાજની જે જોગવાઈ કરવામાં આવેલ છે તેમાં જણાવ્યા મુજબ જયારે પણ નાણાંકીય વ્યવહાર હોય ત્યારે રાષ્ટ્રીયકૃત બેંકમાં જે વ્યાજ ચાલતુ હોય તે મંજુર કરવું જોઈએ. આમ વાદી એ મુદદા નં.૧ તથા ૨ ને **હકારમાં** તથા પ્રતિવાદી એ મુદા નં.૩ થી ૫ ને નકાર માં પુરવાર કરેલ છે તેથી વાદી ઉપરોકત સમગ્ર ચર્ચા કર્યા મુજબ માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર હોય, જેથી મુદ્દા નં.૬ નો જવાબ અંશત: હકારમાં આપી અને મુદ્દા નં.૭ અંગે ન્યાય ના હિત માં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–::હુ ક મ ::–**

- વાદીનો હાલનો દાવો આથી **અંશત: મંજુર** કરવામાં આવે છે.
- આ કામનાં પ્રતિવાદીઓએ વાદીની રકમ રૂા.૧,૫૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર પુરા) દાવો દાખલ કર્યા તારીખથી આ રકમ વસુલ થતાં સુધી, વાર્ષિક **૬ %** ના દરે સાદુ વ્યાજ ચુકવવાનો તથા

પ્રતિવાદીઓએ સદર તમામ રકમ એકીસાથે વાદીને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

- જો પ્રતિવાદીઓ વાદીને લેણી રકમ વસુલ આપવામાં કસુર કરે તો, વાદી પ્રતિવાદીઓની જાત તથા તમામ મિલકતથી સદરહુ લેણી રકમ વસુલ મેળવવા હકકદાર રહેશે તેવુ આથી ઠરાવવામાં આવે છે.

- પ્રતિવાદીઓએ આ દાવાનો ખર્ચ વાદીને ચુકવી આપવો.

- હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજરોજ તારીખ: **૦૮મી**, માહે–**જુન**, સને–**૨૦૨૬** ના રોજ વાંચી, સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

NARAYAN LAL SHARMA
Digitally signed by NARAYAN LAL SHARMA
Date: 2026.06.08 11:46:31 +0530

તારીખ : ૦૮–૦૬–૨૦૨૬
સ્થળ : રાણાવાવ.

**(નારાયણ લાલ શર્મા)**
**(CODE No. GJ 01439 )**
પ્રિન્સીપાલ સીવીલ જજ, રાણાવાવ.